# લુપ્ત થયેલા ચિત્તાનો વસવાટ કચ્છના ઘાસિયા મેદાનમાં થશે

## વાયબ્રન્ટના સાઈન બોર્ડમાં મોદી યજમાનની જગ્યાએ મહેમાન બન્યા

ગુજરાતના એશિયાટીક લાયન વિશ્વભરમાં મશહૂર બન્યા છે ત્યારે હવે ભારત સરકારના પ્રયાસથી લુપ્ત થયેલા ચિત્તાનો વસવાટ થાય તે માટે એક પ્રોજેક્ટ મંજૂરીના તબક્કે છે. રાજયમાં એવું માનવામાં આવે છે કે ચિત્તા માટેનું હેબિટાટ્સ છેલ્લું કચ્છના બન્નીના રણમાં જોવા મળ્યું હતું, જેને ફરીથી ચિત્તા માટે તૈયાર કરવામાં આવી

**ભાજપમાં અસંતુષ્ટ નેતાઓ નામશેષ થઈ ગયા, કોઈની હિંમત રહી નથી**



રહ્યું છે. યુપીએની સરકારમાં છેક ૨૦૦૯માં જયરામ રમેશે આ પ્રોજેક્ટની વિચારણા કરી હતી અને હવે મોદી સરકાર તેને અનુમોદન આપવા જઈ રહી છે. ભારત સરકારે ચિત્તાના વસવાસ માટે ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢની પસંદગી કરી છે. આ પાંચ રાજયોમાં ૧૦ એવી સાઈટ્સ છે જયાં પુનવસવાટ શક્ય છે...

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

**વૃક્ષ ઉછેરમાં આણંદ હજીપણ નંબરવન ...**

વૃક્ષ ઉછેર અને વૃક્ષોની ગિચતામાં આજે પણ ગુજરાતનો આણંદ જિલ્લો નંબરવન છે. આ જિલ્લામાં પ્રતિ હેક્ટર ૬૬ વૃક્ષ છે જે રાજયના બીજા કોઈ જિલ્લામાં જોવા મળતા

**એક ગામ કે જ્યાં માનવ વસતી કરતાં વધારે વૃક્ષો વાવવામાં આવ્યા છે**

નથી. કેસસ્ટડી પ્રમાણે આણંદ એ એગ્રોફોરેસ્ટ્રી, એનિમલ હસબન્ડરી અને એગ્રીકલ્ચરમાં લીડ કરે છે. આણંદની બીજી ખાસિયત એવી છે કે વૃક્ષોના છેદન અને તેમાંથી ઈન્કમ પ્રાજ્ઞ કરવામાં પહેલો નંબર આવે છે. જો કે જેટલા વૃક્ષો કપાય છે તેનાથી બમણાં વૃક્ષો વાવવામાં આવે છે. આ જિલ્લો નોન-ફોરેસ્ટ ડિસ્ટ્રીક્ટમાં આવે છે. છતાં વૃક્ષોની ગિચતા સૌથી વધુ

● અનુસંધાન પાન-૭ પર

# મનરેગાના અમલીકરણમાં ઠાગા-ઠય્યા

## માર્ગદર્શક સૂચનાઓનું ૯૩ ગામોમાં અમલીકરણ નહિ થયાનું જણાતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૯૩ ગામોમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર અધિનિયમ-૨૦૦૦ની માર્ગદર્શક સૂચનાઓનું અમલીકરણમાં પાલન નહિ થયાની ચોંકાવનારી હકીકતો બહાર આવતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે અને આ બાબતમાં જરૂરી તપાસના આદેશો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજનાનું અમલીકરણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ યોજનાના અમલીકરણ માટે સોશ્યલ ઓડિટનું પ્રાવધાન કરાયુ હોવાથી સોશ્યલ ઓડિટમાં આ હકીકતો બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આ યોજના અંતર્ગત રાજીવ ગાંધી સેવા કેન્દ્રો અર્થાત્ પંચાયતઘર નિર્માણમાં ૬૦:૪૦નો રેસિયો જે રીતે જળવાવો જોઈએ તે જળવાયો નથી. જેમાં ૬૦ ટકા રકમમાંથી સાધનો અને સુવિધાઓ માટે છે, જ્યારે ૪૦ ટકા રકમ શ્રમ થકી લેવાની થાય છે પરંતુ ઘણી બધી જગ્યાએ આ પ્રમાણ જળવાયુ નથી.

માટી-મેટલના કામોમાં પણ આ પ્રમાણ નહિ જળવાયુ હોવાનું ધ્યાને આવ્યું છે. મનરેગા યોજનામાં આ વર્ષે આમેય જિલ્લામાં ધીમીગતિએ અમલીકરણ નોંધાયુ છે. આ વર્ષે બજેટ જે મંજૂર કરવામાં આવ્યુ છે તે પુરેપુરૂ વપરાશે કે કેમ તેને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૦૩ જેટલા ગામોમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રો ઉભા કરવા માટેની વહીવટીય મંજૂરી આપી દેવામાં આવી છે. આ પૈકી ૨૫ જેટલા કેન્દ્રો પૂર્ણ થઈગયા છે. ઘણા બધા કામો હજુ શરૂ થયા નથી. તો ૫૦ જેટલા કામો પ્લીન્થ લેવલ સુધીના પૂર્ણ થયા હોવાથી તે પ્રગતિ હેઠળ દર્શાવાયા છે. પરંતુ આ માટે યોજનાની માર્ગદર્શિકા મુજબની સૂચનાઓના અમલીકરણમાં ત્રુટીઓ હોવાનું ધ્યાને આવ્યું છે.

તંત્ર દ્વારા આ અંગે તપાસના આદેશો જારી કરી દેવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે.

બીજી તરફ નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં હવે માંડ ચાર માસ જેટલો સમય બચ્યો છે પરંતુ યોજના માટેનું જે બજેટ મંજૂર કરાયુ હતુ તેમાંથી ૫૦ ટકા જેટલી જ રકમનો હમણાં સુધી ખર્ચ થઈ શક્યો છે.

# વાઈબ્રન્ટ સમિટને પગલે માર્ગો ચોખ્ખા ચણાક

ગાંધીનગર, તા. ૨૩

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫ને અનુલક્ષીને સરકારી તંત્ર દ્વારા ગાંધીનગરના મહાત્મા મંદિર સહિત શહેરને સાફ અને રંગરોગાણ કરી ચોખ્ખુતણાટ કરવામાં આવી રહ્યું છે. રાજયના ઉચ્ચ અધિકારીઓની આગેવાની હેઠળ શહેરના આંતરીક અને મુખ્ય માર્ગો પર સફાઈ કામદારોની ફોજ ઉતારી વહેલી સવારથી સાંજ સુધી કામદારો પુરજોશમાં કામગીરી કરી રહ્યા છે.

જાન્યુઆરી-૨૦૧૫ના પ્રારંભે જ ગાંધીનગર શહેરમાં વિશ્વકક્ષા બે મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાવાના છે. જેમાં ગુજરાત વાઈબ્રન્ટ સમિટ અને પ્રવાસી ભારતીય દિવસનો સમાવેશ થાય છે. બન્ને કાર્યક્રમમાં દેશ અને દુનિયામાંથી હજારોની સંખ્યામાં મહાનુભાવો-પ્રતિનિધિઓ આમંત્રિતો અને પ્રવાસીઓ ઉપસ્થિત રહેવાના છે. જેથી હાલ રાજય સરકાર દ્વારા રાજયની રાજધાની ગાંધીનગર સંપૂર્ણપણે નવા રંગરૂપમાં ઢાળમાં આવી રહ્યું છે.

તંત્રના ઉચ્ચ અધિકારીની દેખરેખ હેઠળ શહેરના જાહેર માર્ગો, સર્કલોની આસપાસના વૃક્ષો અને માર્ગની વચ્ચેના ડીવાઈડરનું કલરકામ અને સાફ સફાઈ કરવામાં આવી રહ્યું છે. જ્યારે પોલીસતંત્ર દ્વારા માર્ગો પર થતી ગતિવિધિ પર બાજ નજર રાખવા સી.સી. ટીવી કેમેરા પણ ગોઠવવામાં આવી રહ્યા છે.

ઉપરાંત જાન્યુઆરીમાં દેશના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહેવાની હોવાથી તેમના સ્વાગત માટેના હોર્ડીંગ્સ પણ લગાવવામાં આવી રહ્યા છે. ટુંક જ સમયમાં ગાંધીનગર શહેરને ચોખ્ખુચણાટ અને રોશનીથી ઝળહળાટ બનાવી દેવામાં આવશે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

# શહેરમાં ૩૦૦ સીસીટીવી કેમેરા લાગશે

## મહાત્મા મંદિરમાં ૭૦, એક્ઝીબીશનમાં ૨૦૦ અને શહેરના માર્ગો પર ૩૦ જેટલા કેમેરા લગાડી દરેક ચહેલ-પહેલ કેદ કરાશે

ગાંધીનગર, તા. ૨૩

જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે સુરક્ષા અને સલામતીની દષ્ટીએ પણ ઉચ્ચ કક્ષાએથી ઝીણવટભરી સલામતી વ્યવસ્થાની ગોઠવણ ચાલી રહી છે. ચાંપતો પોલીસ બંદોબસ્ત મુકવા ઉપરાંત ગાંધીનગર શહેર તથા મહાત્મા મંદિર અને એક્ઝીબીશન સેન્ટરની પળેપળની હિલચાલ કેદ કરવા ૩૦૦ જેટલા સીસીટીવી કેમેરા લગાડવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે હાલના તબક્કે ૧૧૦ સીસીટીવી કેમેરા લાગેલા છે. વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન દેશ-વિદેશના વીવીઆઈપી મહાનુભાવો તથા દેશના વડાપ્રધાન સહીત મોટી હસ્તીઓ અને બિઝનેસમેનો ગાંધીનગર ખાતે આવનાર છે. તેમની સુરક્ષા વ્યવસ્થા માટે મહાત્મા મંદિર ખાતે વધુ ૭૦ સીસીટીવી કેમેરા લગાડવામાં આવશે. તે ઉપરાંત એક્ઝીબીશન સેન્ટર, સે. ૧૭ ખાતે ૨૦૦ જેટલા સીસીટીવી કેમેરા તથા શહેરના પ્રવેશદ્વારો તથા અન્ય કેટલાક સર્કલ પર ૩૦ જેટલા કેમેરા મળીને વધુ ૩૦૦ જેટલા સીસીટીવી કેમેરા લગાડી દરેક ચહેલ પહેલ કેમેરામાં કેદ કરવાની તૈયારીઓ ચાલી રહી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. નોંધવુ રહેશે કે આ તમામ સીસીટીવી કેમેરાનું સતત મોનટરીંગ થાય તે માટે વિવિધ ટીમ બનાવી દેવામાં આવશે.

# વડોદરા ખાતે આંતરરાષ્ટ્રીય કલા અને સાંસ્કૃતિક મહોત્સવ યોજાશે

## એ.આર. રહેમાન સહીતના ખ્યાતનામ સંગીતકારો શૂરો લેહરાવશે

ગાંધીનગર, તા. ૨૩

વડોદરા ખાતે આગામી ૨૩મી જાન્યુઆરી-૨૦૧૫થી ૨૬મી સુધી વડોદરા આંતરરાષ્ટ્રીય કલા અને સંસ્કૃતિ મહોત્સવ યોજવામાં આવશે.



વડોદરા આંતરરાષ્ટ્રીય કલા અને સંસ્કૃતિ મહોત્સવ અંગેની વિગતો આપતા રાજ્યના પ્રવાસન મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે વડફેસ્ટ વડોદરા ઈન્ટરનેશનલ આર્ટ એન્ડ કલ્ચરલ ફેસ્ટીવલ એ વિભીન્ન કલાઓ, વિવિધ સ્થળોએ માણવાનુ ઉત્તમ માધ્યમ બનશે. વડફેસ્ટ એ વિવિધ પ્રકારના ૫૦ થી વધુ કાર્યક્રમ અલગ અલગ ૧૫ જગ્યાએ પ્રજાસત્તાકદિન નિમિત્તે ચાર દિવસ ૨૩, ૨૪, ૨૫, ૨૬ જાન્યુઆરી યોજાશે. જેમાં ક્યારેય ના થયા હોય તેવા લીવીંગ લીજેંડ સમા સંગીત નૃત્ય નાટ્યના કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં એ.આર. રહેમાન, યાની, રાહુલ શર્મા અને બુડી વેલ્સ, શિવામીની ટ્રીઓ, પં.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરનું 'જાદુગર' નાટક રાજ્ય કક્ષા એકાંકી સ્પર્ધામાં પ્રથમ

## ગાંધીનગરના નાટકે ઇતિહાસ સર્જ્યો : 'જાદુગર' કુંતલ નિમાવતનો જાદુ : રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ૪ એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધામાં કુંતલ નિમાવત લિખિત 'જાદુગર' નાટકે ઈતિહાસ રચતાં શ્રેષ્ઠ નાટક સહિત ૪ ઍવોર્ડ પ્રાપ્ત કરીને ગાંધીનગર શહેર-જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.



જયશંકર સુંદરી નાટ્ય ગૃહ, રાયખડ, અમદાવાદ ખાતે ગત તા. ૧૭ નવેમ્બરથી આ સ્પર્ધાનો આરંભ કરવામાં આવ્યો હતો, સ્પર્ધા ૨૨ નવેમ્બર સુધી ચાલી હતી. આ ૬ દિવસો દરમ્યાન કુલ ૩૦ નાટકો ભજવવાનું આયોજન હતું, પરંતુ તે પૈકી ૨૪ નાટકોએ જ સ્પર્ધામાં ભજવણી કરી હતી, જે પૈકી ગાંધીનગર તરફથી રજૂ થયેલા 'જાદુગર' નામક નાટકે શ્રેષ્ઠ નાટક સહિત ૪ ઍવોર્ડ પ્રાપ્ત કરીને મોટું આશ્ચર્ય સર્જ્યું હતું.

ગત શનિવારે સ્પર્ધાની અંતિમ રાત્રિએ વિજેતા નામોની જાહેરાત થતાં જ ગાંધીનગરના કલાકારો રંગમાં આવી ગયા હતા. કારણ કે કુંતલ નિમાવત લિખિત, દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત નાટક 'જાદુગર'ને પ્રથમ ક્રમનું ઈનામ જાહેર થયું હતું. આ ઉપરાંત આ જ 'જાદુગર' નાટક માટે દીપલ પરમારને શ્રેષ્ઠ અભિનેત્રી, દિવ્યકાન્ત વર્માને શ્રેષ્ઠ દિગ્દર્શક અને કુંતલ નિમાવતને શ્રેષ્ઠ મૌલિક નાટક માટેનું ઈનામ પ્રાપ્ત થયું હતું. આમ, કુંતલ નિમાવત લિખિત નાટક 'જાદુગર'ને કુલ ચાર ઈનામો પ્રાપ્ત થયાં હતાં.

'જાદુગર' નાટકમાં દીપલ પારમાર, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવતે અભિનય આપ્યો હતો. રોનક સુતરીયાએ મ્યુઝીક, મયુર ભાટીયાએ લાઈટ અને નીતિન પરમાર, સાગર દેસાઈ તથા પાર્થ બારોટે બૅક સ્ટેજની કમાન સંભાળી હતી. ઈનામની જાહેરાત કરતી વેળાએ નિર્ણાયકોએ 'જાદુગર' નાટકનાં સઘળાં પાસાઓને સરાહી તેને 'સર્વાંગ સંપૂર્ણ' નાટક તરીકે બિરદાવ્યું હતું અને તેના કલાકારો-કસબીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સુભાષ દેસાઈ (વલસાડ), ભરત યાજ્ઞિક (રાજકોટ) અને રાજુ બારોટ (અમદાવાદ) ઉપસ્થિત રહ્યા હતા. ઈનામ વિતરણ સમારોહનું સંચાલન પણ નિર્ણાયક સુભાષ નાયકે કર્યું હતું. વિજેતા નામોની જાહેરાત રાજુ બારોટ દ્વારા કરવામાં આવી હતી.

# હટાવાયેલા ઝૂંપડાના સ્થળે જ માલસામાન સાથે શ્રમજીવીઓનો ખુલ્લામાં આશરો

## તંત્ર દ્વારા છાશવારે કરાતી દબાણ હટાવની કામગીરી ફારસરૂપ ચોક્કસ સ્થળે રહેઠાણ અપાય તો જ ઉકેલ આવે તેવો મત

ગાંધીનગર, તા. ૨૩

વાઈબ્રન્ટ સમિટ અન્વયે પાટનગર નવા સાજ શણગાર સજી રહ્યું છે. જેમાં સચિવાલય, જિલ્લાતંત્ર અને સ્થાનિક કક્ષાએથી ભરપુર તૈયારીઓ આરંભી દેવાઈ છે. દેશ-વિદેશથી ગાંધીનગરમાં પધારનાર મહેમાનોમાં સ્વચ્છ અને સુદઢ છાપ ઉભી કરવાના પ્રયાસરૂપે સમગ્ર નગરમાંથી દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી છે. આ દબાણમાં ઠેર ઠેર ઉભી થયેલી ઝુંપડપટ્ટી પણ હટાવી લેવાઈ છે, પરંતુ માથેથી છત જતી રહી હોવા છતાં આ ઝૂંપડાવાસી શ્રમજીવીઓ ખુલ્લામાં તેમના માલસામાન સાથે પડી રહે છે. પરંતુ સ્થળ છોડવા તૈયાર નથી. તંત્રએ આ ઝૂંપડાવાસીઓને ચોક્કસ જગ્યાએ રહેઠાણ આપી તેમને ત્યાં તબદીલ કરવા જોઈએ તેવો મત પણ નગરજનો વ્યક્ત કરી રહ્યાં છે.

આગામી જાન્યુઆરી માસમાં મહાત્મા મંદિરે યોજાનાર વાઈબ્રન્ટ સમિટના સંદર્ભે સફાઈ કામગીરી, દબાણ હટાવ કામગીરી, સ્વચ્છતા



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ઝુંબેશ વગેરે માટે સંલગ્ન તંત્ર અત્યારથી જ દોડતુ થઈ ગયું છે. સરકારી તંત્રએ જુદી જુદી જવાબદારીઓ સોંપી કામગીરીને નક્કર બનાવવાના પ્રયાસ હાથ ધર્યા છે. જેમાં સમગ્ર નગરના મુખ્ય માર્ગો, સર્કલ, આકર્ષક સ્થળોની આજુબાજુના લારીગલ્લા તથા ઝુંપડપટ્ટીઓને દૂર

● અનુસંધાન પાન-૭ પર


મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com